| Publication | Edition | Date | Page No. | Subject |
|---|---|---|---|---|
| **Sandesh** | **Mumbai** | **17/05/2019** | **10** | **Sunny Pawar wins 'The Best Child Actor' Award** |

# ન્યૂયોર્ક ફિલ્મ ફેસ્ટિવલમાં મુંબઈનો સની પવાર ઝળક્યો



મુંબઈમાંની કલીનાની ઝૂંપડપટ્ટીમાં ચાર બાય ચારના ઘરમાં રહેનાર સની પવારને આંતરરાષ્ટ્રીય ગૌરવ પ્રાપ્ત થયું છે. અગિયાર વર્ષના સની પવારને ન્યૂયોર્ક ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલમાં સર્વોત્કૃષ્ટ બાળ કલાકાર પુરસ્કારનું માન મળ્યું છે. ફિલ્મ ચિપ્પામાં કરેલા અભિનયને પગલે સનીને આ માન મળ્યું છે. સનીને આ પૂર્વે ઓસ્ટ્રેલિયન દિગ્દર્શક ગાર્થ ડેવિસની વર્ષ ૨૦૧૬માં આવેલી ફિલ્મ લાયન માટે પણ એવોર્ડ મળ્યો છે. ફિલ્મ લાયનમાં સનીએ અભિનેતા દેવ પટેલના બાળપણના કિરદારને ન્યાય આપ્યો હતો. આ પુરસ્કાર લીધા બાદ મુલાકાત દરમિયાન સનીએ જણાવ્યું હતું કે મારે મારા વાલી માટે મોટું ઘર લેવું છે. હું મને મળી રહેલા પુરસ્કારથી ખૂબ જ ખુશ છું જેનો શ્રેય હું મારા માતા- પિતાને આપું છું. મારે સુપરસ્ટાર રજનીકાંત જેવું બનવું છે. માતા-પિતાને અભિમાન થાય એવી કામગીરીઓ કરવી છે. બોલિવુડ અને હોલિવુડ એમ બંને ફિલ્મ જગતમાં મારે કામ કરવું છે.